# રજકણથી રક્તકણમાં

--મનસુખ નારીયા

૧ ◆પાન : ૧૯◆

હવા ખરીદવી પડે શહેરમાં હવે,
'લે-વેચ' શ્વાસની થશે જાહેરમાં હવે.
પ્રસંગો આ શહેરમાં ભુલી ગયો બધા,
યાદો દટાઈ ગામનાં ખંડેરમાં હવે.
સાંધી ચલાવવાના પ્રયત્નો તો વ્યર્થ છે,
ફાટી-તુટેલ જીંદગીને પ્હેર મા હવે.
મેવાડી આંખો છે, બધે ઝેરીલી છે નજર,
મીરાં જીવી શકે નહીં આ ઝેરમાં હવે.
સુરજનો અર્થ ઉકલી શક્યો ન એટલે,
સત્તા છે મીણબત્તીની અંધેરમાં હવે.

૨. ◆પાન : ૨૮◆

જેવી મળી આ જીંદગી, તેવી ગમી હતી,
તો પણ હમેશાં લાગતું, થોડી કમી હતી.
આધાર એનો ક્યાં હશે, એ જાણતી હશે,
થોડીક ડાળો મુળ તરફ પણ નમી હશે.
આંખો વડે ઉંડાણથી ઉલેચવા છતાં,
ખારાશ લોહીની કદીયે ક્યાં શમી હતી?
થંભી જવાના આખરે ધબકાર સ્હેજમાં,
શ્વાસોનો બોજ આ હવા ક્યારે ખમી હતી?
ઈચ્છા સવારે સુર્યની જેમ જ ઉગે સતત,
પણ એ કદી ક્યાં સાંજ થઈને આથમી હતી?
મેં રક્તમાં રાખી હતી એ ઝંખનાઓ પણ,
મારી જ સામે કેટલા દાવો રમી હતી!

૩. ◆પાન : ૨૯◆

પ્રત્યેકની પ્રતીક્ષા, દીશા, દશા અલગ છે,
જીવનમાં આમ જાણે, સૌના નશા અલગ છે.
એક જ છે શ્વાસ સૌમાં, એક જ બધે પવન છે,
તો પણ જગતમાં શાથી, સૌની ધજા અલગ છે?
છે એક ઘર બધાનું, અંતીમ છે લક્ષ્ય એક જ,
પણ સૌનાં દ્વાર જુદાં, ને 'આવ-જા' અલગ છે.
જીવનમાં છે ગુનાઓ સૌના જ એક સરખા,
પણ ઉમ્રભરની શાથી, સૌની સજા અલગ છે?
કોઈ સંબંધ સ્થાપે, કાપે અગર ઉથાપે,
સૌની વ્યથા અલગ છે, મસ્તી-મજા અલગ છે.

૪. ◆પાન : ૩૨◆

નાળચું બંદુકનું તોડી બનાવી વાંસળી,
ને ધડાકાની અસર લય-સુરમાં પાછી મળી.
લોક સૌ જેને સમજતા'તા હશે દીવાસળી,
એ જ અંતે નીકળી એક મ્હેકતી કોમળ કળી !
છોડ તુલસીના ઉગાડ્યા, તોપનાં કુંડાં કરી,
આગ ઝરતી લાગણી, લીલાશમાં પાછી વળી.
રક્તરંગી દશ્ય હું જોઈ નથી શકતો હવે,
જ્યારથી આ સાત રંગોની સમજ આંખે ભળી.
સરહદોને રદ કરો, ના પથ્થરોથી હદ કરો,
આ ગગનની જેમ, ધરતીને તમે લો સાંકળી.
તીર ને તલવાર ને હથીયારમાં સૌથી વધુ,
ધાર મનની તેજ ને કાતીલ બધાથી નીકળી.

૫. ◆પાન : ૫૦◆

શહેરોમાં હર શ્વાસ જીવે છે હપ્તે હપ્તે,
માણસ નામે લાશ જીવે છે હપ્તે હપ્તે.
બેંક, લોન, ધીરાણ, ટકા ને મુદ્દદત વચ્ચે,
મુદ્દલ માટે વ્યાજ જીવે છે હપ્તે હપ્તે.
તુટેલા દર્પણમાં આખો ચહેરો જોવા,
ભીતર કૈંક પ્રયાસ જીવે છે હપ્તે હપ્તે.
પડછાયાને સપનું છે સુરજ બનવાનું,
અંધારે અજવાસ જીવે છે હપ્તે હપ્તે.
ટુકડે ટુકડે વહેંચી વહેંચીને ઓઢેલું,
વાંકું ચુંકું આભ જીવે છે હપ્તે હપ્તે.
જીવન ટીવી સીરીયલના હપ્તાઓ જાણે,
સૌ પોતાનો ભાસ જીવે છે હપ્તે હપ્તે.

૬. ◆પાન : ૫૨◆

હા, ગઝલ લખવા હૃદયમાં કંઈ છુપેલું જોઈએ,
આંખમાં અશ્રુ નહીં, લોહી ઘુંટેલું જોઈએ.
ઈશ્કના પંથે હૃદય બેફામ તરસ્યું હોય છે,
સ્પંદનોનું આ નગર મયમાં ડુબેલું જોઈએ.
જે કદી છુટ્યા પછી પાછું ફરી શકતું નથી,
તીર એ સંધાન તાકીને છુટેલું જોઈએ.
પાપણોમાં નીકળે વણઝાર જ્યારે દશ્યની,
સપ્તરંગી સ્વપ્ન તેમાંથી લુંટેલું જોઈએ.
એ ભરાતું જાય પણ છલકી અને ઢોળાય નહીં,
એ રીતે આ પાત્ર કીસ્મતનું તુટેલું જોઈએ.

૭. ◆પાન : ૫૮◆

એક માણસને બીજો માણસ નડે,
એક પગ ખેંચે અને બીજો પડે.
રાહુ, કેતુ ને ગ્રહોનાં નામ પર,
ભાગ્યને સૌ દોષ દઈ નાહક રડે.
માણસો તો એક સરખા હોય છે,
એક બીજાથી અલગ માનસ લડે.
શક્ય છે કે ક્યાંક ખોયેલી જણસ,
આંખને ખોલો ને અંદરથી જડે.
જીંદગીભર તો પતન જેનું થયું,
એ ધુમાડો થઈ હવે ઉંચે ચડે.
કોણ સમજે છે સમય સોના સમો,
ને ક્ષણોનાં કોણ આભુષણ ઘડે?

૮. ◆પાન : ૫૯◆

કાયમ રહે છે મન હજુ એની તલાશમાં,
શેની હશે આ આવ-જા હર એક શ્વાસમાં?
કારણ વગર તો એક પણ ફેરો ન સંભવે,
કારણ હશે, તેથી હશે લીલાશ ઘાસમાં.
છે દુરની એ રોશની જોવામાં મગ્ન, મેં
છાયો કદી જોયો નહીં, જે હોય પાસમાં.
મહેકે નહીં, ખીલે નહીં, એવો સમય બધે-
મોસમ તને ક્યાંથી મળે બારેય માસમાં?
હું કોણ છું? એ જાણવા આવ્યો છું આ તરફ-
વીતી ગઈ આ જીંદગી એની તપાસમાં.

૯. ◆પાન : ૬૦◆

મેં હ્રદયમાં શ્વાસરુપે એક પળને પણ નથી જાણી; છતાં માથે સમયનો ભાર આપો છો મને શાથી તમે?
અર્થ હું પામી નથી શક્યો હજુ તો એક રજકણનો, અને આ એક જબ્બર પ્હાડ આપો છો મને શાથી તમે?
આંખની ભીનાશમાં અંકુર થઈ ફુટું પછી લીલાશ થઈ ઉગું, પછી ચોમેર લીલા લ્હેર થઈને વીસ્તરું,
સ્વપ્નમાં અકબંધ છું મેં આખ પણ ખોલી નથી ને ત્યાં જ નીર્જન કારમો દુષ્કાળ આપો છો મને શાથીતમે?
સાત સાગર પાર કરવાની સફર મેં આદરી'તી, આપને માની દીવાદાંડી અને હોડી ને હલ્લેસાં બધું,
બેઉ કીનારા તમે રાખી અને મઝધારમાં તુટેલ, હલ્લેસાં વગરનું વ્હાણ આપો છો મને શાથી તમે?
આમ તો હું હારવું ને જીતવું બે શબ્દનીયે સાવ પેલે પાર છું, જ્યાં યુદ્ધ જેવો શબ્દ પણ હોતો નથી,
એક લીલા વૃક્ષની ડાળી સમા આ હાથ મારા બેઉ કાપી, ને પછી તલવાર આપો છો મને શાથી તમે?
ધારણા છે ફુલ જેવા એક આ નીર્દોષ એવા શહેર પર ઝાકળ થઈને સ્નેહથી વર્ષી જવું છે સામટું,
આ શહેરમાં શોધી રહ્યો છું શહેર જેવું ને તમે આ શહેરમાં કૈં કેટલાં રમખાણ આપો છો મને શાથી તમે?

૯. ◆અપ્રકાશીત◆

તું જન્મજાત કેવળ આનંદની ફસલ છે,
તો પણ, હે જીવ !શાથી તું વેદના સભર છે?
કોઈ ચરમ ક્ષણોથી ધબકાર સંભવે છે,
જીવન ફલન પછીનું આખું અહીં અલગ છે.
સર્જકના હાથ કેવી અદ્‌ભુત કળા કરે છે ?
બીબાં ને ઢાળ સરખાં; તો પણ બધા અલગ છે !
જેને મળે છે તેને પહેલેથી ક્યાં ખબર છે?
મળ્યું તો જોઈ લઈએ કેવીક આ સફર છે !
કોઈક એના કામે આપણને મોકલે છે,
શેની છે આવ-જા એ કોઈને ક્યાં ખબર છે?

૧૦. ◆અપ્રકાશીત◆

કેમ છે?

:ગીત: તાજી રચના

કોઈ મને પુછે કે કેમ છે?
હોય ગમે તેમ ભલે, તોય એમ કે'વાનું-
આપણે તો એય ! હેમખેમ છે.
પોતાનો પડછાયો સામે દેખાય,
એને બીજાનો કેમ કરી કહેવો?
આપણો જ ભાર હવે આપણા આ ખંભા પર
ઉંચકીને કેમ કરી લેવો?
આખીયે દુનીયા છે શ્રદ્ધાનો વીષય ને-
પોતાની જાત પર વ્હેમ છે !
કોઈ મને પુછે કે કેમ છે?
પાંખો તો હોય છતાં ઉડવાનું નહીં,
અને પીંજર ન હોય તોયે કેદ છે
રસ્તાઓ લોકોને પુછે છે રોજ,
કેમ પગમાં ને પગલાંમાં ભેદ છે?
દશ્યોનાં દશ્યો તો આવે ને જાય છતાં-
આયનાઓ સાવ એમનેમ છે,
કોઈ મને પુછે કે કેમ છે?

--મનસુખ નારીયા

કવીના પ્રથમ કાવ્યસંગ્રહ **'રજકણથી રક્તકણમાં'** (પ્રથમ આવૃત્તી : 2003-પાન : 92-મુલ્ય : રુપીયા : 70/-
પ્રાપ્તીસ્થાન : કવીના નીચેના સરનામેથી)માંથી સાભાર..

સંપર્ક : 145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006
ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273
ઈ-મેઈલ : vu2mnariya@gmail.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **119** -- **September 16, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન-ઉત્તમ ગજ્જર -સુરત-uttamgajjar@hotmail.com



કવી પરીચય

૧લી જાન્યુઆરી ૧૯૬૦માં જામનગર જીલ્લાના બાઘલા ગામે જન્મેલા શ્રી. મનસુખ નારીયા વીજ્ઞાનના સ્નાતક છે અને સુરતમાં એક માધ્યમીક શાળાના આચાર્ય છે. શૈક્ષણીક, સાહીત્યીક, સાંસ્કૃતીક પ્રવૃત્તીમાં ઉંડો રસ ધરાવનાર આ શીક્ષક, ગીત-ગઝલ રચનાના પણ રસીયા સર્જક પણ છે. ગુજરાતમાં યોજાતા મુશાયરામાં કે આકાશવાણી-દુરદર્શન કાર્યક્રમોમાં તેમની રચનાઓ સારી દાદ પામે છે. **કવી નયન દેસાઈ** લખે છે : *'ઓછું લખતા, ઓછું પ્રગટ કરતા આ કવી ધૈર્યપુર્વક અને સભાનપણે કાવ્યસર્જન કરે છે..જીવનની વીષમતા, પ્રકૃતીના સંવેદનો, માનવીય લાક્ષણીકતાઓ, વાસ્તવીકતાનું બયાન વગેરે પાસાંઓ તેમનાં ગીતો અને ગઝલોમાં તાજગીસભર પ્રતીકો અને નવાં કલ્પનો દ્વારા પ્રગટ થાય છે.'* **કવી સ્વ. જયંત પાઠક** પ્રસ્તાવનામાં લખે છે : *'ભાઈ નારીયા જેવા બાહ્ય જગત ને તેના વાસ્તવ પરત્વે જાગૃત છે તેવા જ આંતર જીવનનાં સુક્ષ્મ સંચલનોને અનુભવનારા અને તાગનારા છે.'*

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,45,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6300** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeMપરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




ઘરે વાપરવા જોઈએ છે કે મંદીરે ધરાવવા? આઈ મીન...,
ઘર માટે જોઈતી હોય તો ચોખ્ખા ઘી ની ચખાડું?

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
**web site** : www.ameamericanamdavadi.com

◆

## કવીનાં મુક્તકો

કેટલાં વૃક્ષો હતાં, ડાળો હતી, માળા હતાં;
ત્યાં હવે એપાર્ટમેન્ટ્સ, ફ્લેટ ને ગાળા હતા !
ત્યાં હવા, આકાશ, ટહુકા, સુર્ય કૈં ન્હોતું , ફક્ત
માણસો અંદર હતા ને બારણે તાળાં હતાં !

◆◆

સમય સાથે નવા વીચાર અપનાવી નથી શકતા,
જીવનમાં એ ખરી પ્રગતી કદી લાવી નથી શકતા.
ગહનદૃષ્ટી, પરીવર્તન મુજબ રસ્તો કરી ચાલે,
તો એને કોઈ ઝંઝાવાત અટકાવી નથી શકતા.

◆◆◆

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **119** -- **September 16, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર -સુરત-uttamgajjar@hotmail.com

◆●◆ ◆●◆ ◆●◆